મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૫ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૭થી મા નર્મદા મહોત્સવ યાત્રાનો આરંભ

ગાંધીનગર, તા.૬

મા નર્મદા મહોત્સવ યાત્રાનો પ્રારંભ વોર્ડ.૧, શિવશક્તિ મંદીર, સેક્ટર-૨૭ ખાતેથી કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકર્તા ઓ જોડાયા હતા અને મા નર્મદાના રથનું ઠેર ઠેર આરતી, ફુલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું અને રથ વોર્ડ. ૧, સેક્ટર-૨૭, ૨૮, આદિવાડા અને ત્યારબાદ સેક્ટર-૨૬ ન્યુ ગ્રીન સીટીમાં તેનું સમાપન કરવામાં આવ્યું હતું. આ રથ દરરોજ એક વોર્ડમાં સાંજ ૪ થી ૮ વાગ્યાના સમય દરમ્યાન આખા વોર્ડ માં ફરશે અને ત્યાં સામાજિક આગેવાનો, સીનિયર સિટીઝન, ધાર્મિક આગેવાનો અને યુવાનો બાઈક રેલી સાથે જોડાયા હતા અને હજુ બાકીના ૭ દિવસ સુધી આ જ રીતે દરેક વોર્ડમાં લોકો જોડાશે અને મા નર્મદાના રથનું પૂજન કરશે ત્યાર બાદ ડભોઈ મુકામે આ રથ પહોંચશ જ્યાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવશે.

'મા નર્મદા મહોત્સવ' નિમિત્તે મા નર્મદા મૈયાનો રથ ગાંધીનગર શહેરમાં દરેક સેક્ટરમાં ફેરવવામાં આવ્યો હતો અને અંતિમ તબક્કામાં સેક્ટર-૨૬, ગ્રીનસીટી ખાતે આ રથનું આગમન થતા ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) તેમજ ગાંધીનગર મહાનગરના ઉપપ્રમુખ અમરતભાઈ દેસાઈએ પરિવાર સાથે પૂજા વિધિ કરી વસાહતીઓની ઉપસ્થિતિમાં ઉમળકાભેર નર્મદા મૈયાના રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

સેક્ટર-૨૧ ગોવર્ધનનાથજીની હવેલીની બાજુમાં આવેલ કેટેગરી-ઉના સરકારી આવાસોમાં વીજલોડ વધારવાની માંગણી અનુસંધાને નવું વીજવાયરીંગ કરવામાં આવી રહ્યું છે. જો કે, આ વીજવાયરીંગની કામગીરીથી સ્થાનિક રહીશો પર જોખમ ઉભું થયું છે. વસાહતીના જણાવ્યા પ્રમાણે વીજ તંત્ર દ્વારા સામાન્ય રીતે અંડરગ્રાઉન્ડ વાયરીંગ કરવામાં આવે છે. જો કે આ વખતે જે વાયરીંગ થયું છે તેમાં ઘોરબેદરકારી દાખવવામાં આવી છે. જમીનમાંથી નીકળતો વીજવાયર ખુલ્લો જ છોડી દેવામાં આવ્યો છે અને તેનું સીધું કનેકશન વીજમીટર સાથે જોઈન્ટ કરવામાં આવ્યું છે. અત્યાર ચોમાસાની સિઝન છે આ ઉપરાંત વીજમીટર ગ્રાઉન્ડ ફલોર પર આવેલ છે. જેથી અહીંના રહીશો માટે ખુલ્લા વીજવાયર જોખમી પુરવાર સાબિત થાય તેવી શકયતા વધી ગઈ છે. આ મામલે વસાહતીઓમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યો છે.

વીપીએમપી કોલેજ ખાતે નિસર્ગનો ફન વિથ ફિઝિકસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વી.પી.એમ.પી. પોલીટેકનીક કોલેજ, સેક્ટર-૧૫ ખાતે એન્જીનીયરીંગ વિદ્યાર્થીઓ માટે 'ફન વિથ ફિઝીકસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના મનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, વીપીએમપી કોલેજના આચાર્ય આનંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અનિલભાઈએ વિદ્યાર્થીઓને ભૌતિક વિજ્ઞાનના વિવિધ પ્રયોગો કે જેનો આપણે રોજીંદા જીવનમાં ઉપયોગ કરીએ છીએ પરંતુ તેની પાછળનું વિજ્ઞાન જાણતા નથી તેવા વ્યવહારુ પ્રયોગો વિદ્યાર્થીઓ પાસે કરાવ્યા હતા. પોલિટેકનીક કોલેજની વિવિધ શાખાઓના ૫૦૦ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. ઉપરાંત કોલેજના ૨૦ જેટલા પ્રાધ્યાપકો પણ આ વર્કશોપમાં હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

@ગાંધીનગર

● જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા એચ.એસ.સી. અને તેથી વધુ અભ્યાસ ધરાવતા યુવાનો માટે ભરતી મેળો ટેક મહિન્દ્રા-ઈન્ફોસીટી ટાવર-૪ના ૪થા માળે યોજાશે.

નોંધ : જેમાં દરેક ઉમેદવારે બાયોડેટા અને ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ ફોટોગ્રાફ સાથે હાજર રહેવું

વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૪ સર્કલ નજીક સે-૧૬ના કોર્નરમાં ઉભી રહેતી ચા-પાણી-નાસ્તાની લારીઓ પર સાંજના સમયે શરાબીઓની અવરજવર વધવા પામી છે. આ કારણે અહીં ટંટા-ફસાદ કે અકસ્માત સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

● કલોલના પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ પર આજે સફળ એન્જીયોગ્રાફી અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવી છે.

● નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલે આજે અર્ધો કલાલ જેટલો પંચાયત સંકુલની મહેકમ શાળામાં બેસી ઓફિસ કામ કર્યું હતું.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલના દાદીમાનું જૈફ વયે દુઃખદ અવસાન થયું છે.

આઈ લવ માય ગાંધીનગર

ધર્મેશ રાવલ
મંત્રી, કલોલ
તા.પ્રા.શિ. સંઘ

ગાંધીનગર ગમે

ગાંધીનગર ગમવા માટે કારણની જરૂર નથી. લીલોતરીથી ભરપુર પહેલી નજરે જ આંખને ગમે તેવું. ગાંધીનગરમાં ખરાબી શોધવા માટે દીવો લઈને ગોતવા જવું પડે. ગુજરાતનું સૌથી શ્રેષ્ઠ શહેર એટલે ગાંધીનગર.

નગરજનો

રાજકારણીઓ, વેપારીઓ, નોકરીયાત, ગરીબ, અમીર દુનિયાના દરેક જાતના માણસો મળે. દરેક રાજયના પ્રતિનિધિઓનો મેળો એટલે ગાંધીનગર.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

કલ્ચરલ ફોરમ, લાયન્સ કલબ, ગણપતિ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ સેવાકીય છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જ ગાંધીનગરની ઓળખ છે.

નગરને બહેતર બનાવવા

ગરીબોની સેવા, યુવાનોનો વિકાસ, ટ્રાફીક માટે શ્રેષ્ઠ પાર્કિંગનું આયોજન કરવું જરુરી લાગે છે.

નગર માટે હું કરી શકું

હું પોતે પ્રિન્સીપાલ હોવાથી જયારે પણ જરૂર પડે ત્યારે હરહંમેશ સેવાકીય પ્રવૃત્તિઓ કરવા માટે હંમેશા તત્પર છું.

અડાલજ ત્રીમંદિર પાસે આધેડનું અગ્નિસ્નાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક અડાલજ પાસે આવેલા ત્રીમંદિર નજીક એક ઓરડીમાં બે દિવસ પહેલા રસોઇ બનાવતા દાઝી જવાથી એક આધેડનાં મૃત્યુની ઘટના બહાર આવી હતી. આ પ્રકરણમાં ફોરેન્સિક તપાસ થતા આધેડે આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યુ છે. આધેડે કોઇ અગમ્ય કારણોસર પ્રાયમસમાંથી કેરોસીન નિકાળીને પોતાના શરીરે છંટી અગ્નિસ્નાન કરી લીધુ હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યુ છે. અડાલજ પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

અડાલજ ત્રીમંદિર ખાતે એક ઓરડીમાં રહેતા ૪૫ વર્ષિય રાજેશભાઇ પાઠક બે દિવસ પહેલા દાઝી જવાથી મોતને ભેટ્યા હતા. મૃતકનાં સંબંધીએ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી અને પ્રાથમિક નિવેદન મુજબ રાજેશભાઇ રસોઇ બનાવતા દાઝી જવાથી મોતને ભેટ્યા હોવાનું બહાર આવ્યુ હતુ. આ ઘટના બાદ પોલીસે મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી હતી અને એફ.એસ.એલની ટીમ બોલાવી વધુ તપાસ શરૂ કરી હતી. ફોરેન્સિકની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે કે આધેડનું મૃત્યુ રસોઇ બનાવતા દાઝી જવાથી નહી પરંતુ શરીરે કેરોસીન છાંટીને અગ્નિસ્નાન કરી લીધો હતો. પોલીસે હવે તે દિશામાં તપાસ શરુ કરી છે.

નિફટના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી લાપતા

ગાંધીનગર, તા.૬

રાજકોટથી ગાંધીનગર આવીને એક મકાન ભાડે રાખીને રહેતા અને નિફ્ટ કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો એક વિધ્યાર્થી લાપતા થઇ જતા ચકચાર મચી જવા પામી છે. રાજકોટમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વિઠ્ઠલભાઇ ગોહીલનો ૨૫ વર્ષિય પુત્ર જયદિપ દોઢેક માસથી ગાંધીનગર ખાતે આવેલી એન.આઇ.એફ.ટી (નિફ્ટ) માં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. જયદિપ અને તેના મિત્રો ગિફ્ટ સીટી પાસે સી.૩૦૩ શ્રી રંગ મોલ એન્ડ નગર રિવેરા ફ્લેટમાં રહે છે. ગઇ કાલે જયદિપ કોલેજ ન આવ્યો હોવાનો કોલ તેની બહેન એક્તાને આવતા એક્તા ગાંધીનગર આવી હતી. જ્યા ફ્લેટ ભાડે રાખીને જયદિપ રહે છે ત્યાં જઇને એક્તાએ તપાસ કરી તો ખબર પડી કે ત્યાં પણ જયદિપ નથી. જયદિપના મિત્રોને પુછ્યુ તો ખબર પડી કે જયદિપ સવારે ઘરે હતો પરંતુ કોલેજથી તેના મિત્રો પરત આવ્યા ત્યારે ન હતો. રૂમ પર જયદિપનો મોબાઇલ અને પર્સ તથા ગાડીની ચાવી પણ મુકેલી હતી. અચાનક લાપતા થઇગયેલા જયદિપે તેની બહેનને વાત-વાતમાં બે દિવસ અગાઉ ફોન પર કહ્યુ હતુ કે તેને અહી કાંઇ ગમતુ નથી. ગુમ થઇ ગયેલા જયદિપના પિતાએ આ મામલે ઇન્ફોસિટી પોલીસને જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધી જયદિપની શોધખોળ શરુ કરી છે.

કયાંક વાલી શિક્ષક બન્યા તો કયાંક વિદ્યાર્થીઓ વૃધ્ધાશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા.૭

શહેરની શાળાઓ-કોલેજોમાં તા. ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિન નિમિત્તે સ્વયં શિક્ષક દિવસ સહિત વિવિધ રચનાત્મક ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં નવતર પ્રયોગો જોવા મળ્યા હતા જેમાં બાલમંદિરમાં વાલીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી તથા શાળાના વિદ્યાર્થીઓ વૃધ્ધાશ્રમની મુલાકાતે ગયા હતા.

● આર.એન. પટેલ પ્રા. શાળા, સે-૨૩



સે-૨ ઉના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની આર.એન. પટેલ પ્રા. શાળામાં ઉજવાયેલા સ્વયં શિક્ષક દિનમાં ધો-૮ના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફની ભૂમિકા ભજવી હતી. આ ઉજવણીમાં પ્રેક્ષા પટેલ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામ્યા હતા. ધો-૮-એની વિદ્યાર્થીની બંસરી ત્રિવેદીએ આચાર્ય તથા ધો-૮-કના વિદ્યાર્થી અહેમદ મોહિબે સુપરવાઈઝરની ભૂમિકા નિભાવી હતી.

● સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ, સે-૧૨

ગાંધીનગરની નર્સિંગ કોલેજ ખાતે ઉજવાયેલા શિક્ષક દિનમાં વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષક દિન નિમિત્તે શિક્ષણ કાર્ય સુપેરે નિભાવ્યું હતું. જેમાં મિલન અગ્રવાલે આચાર્ય અને રોહિતે ઉપાચાર્યપદે ફરજ બજાવી હતી. અહીં વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક વાતાવરણમાં વૃક્ષ નીચે વર્ગો ચલાવી પ્રાચીન ગુરુકુળ શિક્ષણ પ્રણાલીની યાદ તાજી કરાવી હતી.

● સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા

ચિલોડાની સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં સ્વયં શિક્ષક દિન પ્રસંગે વિદ્યાર્થીઓએ નકામી પ્લાસ્ટિક બોટલોના તુલસી કયારા બનાવી 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવા સાથે પર્યાવરણના જતનનો સંદેશ સાથે શિક્ષકોને ભેટ આપ્યા

હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ મગોડી ખાતેના વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ વડિલો સાથે સમય ગાળવા સાથે તેમને જીવનોપયોગી વસ્તુઓની ભેટ આપી હતી.

● એમ.બી. ફાઈનાન્સ સ્કૂલ, પેથાપુર

પેથાપુરની એમ.બી. સ્કૂલના બાલમંદિરના નાના ભૂલકાંઓના વાલીઓએ શિક્ષક બની કામગીરી સંભાળી હતી. આ ઉપરાંત ધો-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓએ પણ ક્ષમતા મુજબ વિષયો લઈ શિક્ષક બન્યા હતા તથા બિન શૈક્ષણિક સ્ટાફની સેવાઓ પણ પુરી પાડી હતી.

● જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે-૭

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં ધો-૧૦ અને ૧૨ની

વિદ્યાર્થીનીઓએ સ્વયં શિક્ષકની જવાબદારી ઉપાડી હતી. આ કાર્યમાં પ્રથમ ક્રમાંકે રોશની રાજપૂત, દ્વિતિય ક્રમાંકે ધરતી ચૌધરી અને જાનુ રાઠોડ તેમજ તૃતીય ક્રમાંકે રંજન પંચાલ તથા ઉપાસના ચૌધરી વિજેતા બન્યા હતા. માધ્યમિક વિભાગમાં જયદીપ બિહોલા પ્રથમ, હર્ષરાજ તુર દ્વિતિય અને ધ્રુવિલ ભટ્ટ તૃતીય ક્રમાંકે પસંદગી પામ્યા હતા તથા કુલદીપ ચૌહાણે આચાર્ય પદ નિભાવ્યું હતું.

● લાયોનેસ કલબ-ગાંધીનગર

સેક્ટર-૭ની સરકારી પ્રાથમિક શાળામાં લાયોનેસ કલબ દ્વારા ડૉ. રાધાકૃષ્ણનના જીવન ચરિત્રને યાદ કરીને ઉજવાયેલ શિક્ષક દિનની ઉજવણીમાં જોડાયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા ભેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ ઉજવણીમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના પ્રમુખ મિનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતારાણા સહિત મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

● શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે-૨૩

શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતેની ઉજવણીમાં ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉજવણીમાં ધો-૯માંથી માહિન ગંધર્વ પ્રથમ ક્રમે, કૃષ્ણપાલ વાઘેલા દ્વિતિય અને દેવ દેસાઈ તૃતીય ક્રમે. ધો-૧૦માં હિતેષ બોલિયા પ્રથમ, જયદેવ પંચાલ-દ્વિતિય, જૈમિન પરમાર તૃતીય તથા ધો-૧૧માં જીનલ પટેલ-પ્રથમ, પ્રિય દવે-દ્વિતિય તથા રીતુ ચૌધરી તૃતીય ક્રમે વિજેતા બન્યા હતાં.

આજે પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૭-૯-૨૦૧૭ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સે-૭ પ્રાથમિક શાળામાં ઈ વર્ગખંડોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર વિસ્તાર સંચાલિત સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા સેકટર-૭માં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ફાળવેલ 'જ્ઞાનકુંજ પ્રોજેકટ' અંતર્ગત ધોરણ-૭ અને ૮ના બે ઈ-વર્ગખંડોનું લોકાર્પણ કે.એસ. પરમાર, સિનિયર લેકચરર-ડાયેટ ગાંધીનગરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ નં. ૬ના કોર્પોરેટર પાર્વતીબેન મધુકર પરમાર ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય જાગૃતિબેન ડી. કડિયા, સમગ્ર સ્ટાફ, પેટા શાળાના આચાર્યો, એસ.એમ.સી. સભ્યો તેમજ વાલીગણ સર્વેએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રોજેકટ અંતર્ગત શાળામાં ઓવરહેડ પ્રોજેકટર, લેપટોપ, ઈંફ્રારેડ કેમેરા, ઈનબિલ્ટ ઈ-કન્ટેટસ તેમજ ઈન્ટર એકિટવ સ્માર્ટ બોર્ડથી બંને વર્ગખંડોને સજ્જ કરવામાં આવ્યા છે.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર કલ્પેશજી રમણજી, ઉ.વ. ૧૮